અનુ.જાતિના ઇસમોને સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર ક્રિયા માટે નાણાંકિય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૬-ન.બા.૨૪-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૭/૯/૨૦૧૦.

<u>વંચાણમાં લીધાઃ</u>

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦-૧૧-૨૦૦૦ નો ઠરાવ ક્રઃ પરચ-૧૦૯૯-ન.બા.૩૩-ગ.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩-૩-૨૦૦૭ નો ઠરાવ ક્રઃ પરચ-૧૦૯૯-ન.બા.૨૪-ગ.

(૩) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૪-૮-૨૦૧૦ નો પત્ર ક્રમાંકઃ અજાક-મ-૨-૨૦૧૦- ૬૨૮૧.

<u>ઠરાવઃ-</u>

આમુખમાં દર્શાવેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦-૧૧-૨૦૦૦ ના ઠરાવથી અનુસૂચિત જાતિના કુટુંબમાં મૃત્યુના પ્રસંગે મૃતકના પર્થિવદેહની અંત્યેષ્ટિ માટે / મરણોત્તર ક્રિયા માટે સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર નાણાંકીય સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જે યોજનામાં કેટલાક સુધારા કરવા બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આ યોજનામાં નીચે મુજબનો શરતોમાં સુધારો અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવેલ છે.

<u>શરતોઃ-</u>

(૧) આ યોજના હેઠળ ઠરાવની હાલની શરત નં.૫ માં સુધારો કરી હવે પછી જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (વર્ગ-૧), જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પં), એ તાલુકા વિકાસ અધિકારી હસ્તક એડહોક ગ્રાન્ટ મૂકવાની રહેશે નહિ પરંતુ આ યોજના હેઠળ શહેરી વિસ્તાર માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (વર્ગ-૧) અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ



2 5 SEP 2010

અધિકારીશ્રી(પં)એ અરજદારની અરજી મંજુર કરી અરજદારને ચેકથી સીધી ( DIRECT ) સહાયની ચૂકવણી કરવાની રહેશે.

(૨) આ યોજના હેઠળ લાભાર્થીએ કુટુંબના સભ્યના મૃત્યુ બાદ અરજી કરવા માટે હાલમાં કોઇ સમય મર્યાદા નથી, તેમાં સમય મર્યાદા નકકી કરીને, હવે ૬(છ) માસમાં અરજી કરવાની રહેશે તેવું ઠરાવવામાં આવે છે.

(૩) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૭-૯-૨૦૧૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. એમ. ચૌધરી )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત), જિલ્લા પંચાયત.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
નિયામકશ્રી, નગરપાલિકા, ગાંધીનગર
મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
આ વિભાગની સર્વે શાખાઓ
પસંદગી ફાઇલ.